

Green Card for USA by EB 5 investor visa
NEWS OF GANDHINAGAR (DAILY)
USA #EB5Visa #Greencard
Call / Whats up No 09824653073

પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

now on Internet www.janfariyadnews.com

अब तो एक ही आग ''जन फरियाद''

R.N.I. No. Guj,Guj/1999/00057
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

સાપ્તાહિક

તંત્રીઃ પ્રદિપ રાવલ

સહતંત્રી :મીનાક્ષી રાવલ

R.N.I. No. Guj,Guj/1999/00057
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

**Gandhinagar Office :** Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-29 ■ અંક-44 ■ તા. 16-11-2025 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk

# બિહાર વિધાનસભા ચૂંટણીમાં એનડીએની દમદાર જીત

## જનતાએ વિકાસના એજન્ડાને ધ્યાનમાં રાખીને મતદાન કર્યું : હું દરેક NDA કાર્યકર્તાનો આભાર માનું છું જેમણે અથાક મહેનત કરી છે : વડાપ્રધાન



પટણા, તા.૧૪

બિહારમાં ભાજપની પ્રચંત જીત પર પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની પ્રથમ પ્રતિક્રિયા આવી છે. પીએમ મોદીએ તેને વિકાસ અને સુશાસનની જીત ગણાવી છે. તેમણે કહ્યું, "આ સામાજિક ન્યાય અને જન કલ્યાણની ભાવનાની જીત છે. બિહારના મારા પરિવારજનોનો ખૂબ ખૂબ આભાર, જેમણે ૨૦૨૫ની વિધાનસભા ચૂંટણીમાં NDAને ઐતિહાસિક અને અભૂતપૂર્વ જીતના આર્શીવાદ આપ્યા છે. આ પ્રચંડ જનાદેશ અમને લોકોની સેવા કરવા અને બિહાર માટે નવા સંકલ્પ સાથે કામ કરવા માટે સશક્ત બનાવશે."

પ્રધાનમંત્રી મોદીએ તમામ NDA પક્ષોને અભિનંદન આપ્યા હતા. તેમણે કહ્યું, "NDA એ રાજ્યમાં સર્વાંગી વિકાસ કર્યો છે. લોકોએ અમારા ટ્રેક રેકોર્ડ અને રાજ્યને નવી ઊંચાઈઓ પર લઈ જવાના અમારા વિઝનને જોઈ અમને પ્રચંડ બહુમતી આપી છે. હું મુખ્યમંત્રી નીતિશ કુમાર અને અમારા NDA પરિવારના સાથીઓ ચિરાગ પાસવાનજી, જીતન રામ માંઝીજી અને ઉપેન્દ્ર કુશવાહાજીને આ શાનદાર જીત માટે હૃદયપૂર્વક અભિનંદન આપું છું."

પીએમ મોદીના અનુસાર, જનતાએ વિકાસના એજન્ડાને ધ્યાનમાં રાખીને મતદાન કર્યું. તેમણે કહ્યું, "હું દરેક NDA કાર્યકર્તાનો આભાર માનું છું જેમણે અથાક મહેનત કરી છે. તેઓ લોકોની વચ્ચે ગયા અને અમારા વિકાસના એજન્ડાને આગળ ધપાવ્યો અને વિપક્ષના દરેક જુઠ્ઠાણાને જોરદાર જવાબ આપ્યો. હું હૃદયથી તેમની પ્રશંસા કરું છું."

પીએમ મોદીએ બિહારના લોકોને વિવિધ ક્ષેત્રોમાં વધુ પ્રગતિની ખાતરી આપી. તેમણે કહ્યું, "આગામી વર્ષોમાં, અમે બિહારના વિકાસ, તેના માળખાગત સુવિધાઓને વધારવા અને રાજ્યની સંસ્કૃતિને નવી ઓળખ આપવા માટે અથાક મહેનત કરીશું. અમે ખાતરી કરીશું કે બિહારના યુવાનો અને મહિલાઓને સમૃદ્ધ જીવન માટે પુષ્કળ તકો મળે."

પીએમ મોદી અનુસાર જનતાએ વિકાસના એજન્ડાને ધ્યાનમાં રાખી મતદાન કર્યું. તેમણે કહ્યું- હું એનડીએના પ્રત્યેક કાર્યકર્તાનો આભાર વ્યક્ત કરુ છું, જેણે અથાગ પરિશ્રમ કર્યો છે. તેમણે જનતાની વચ્ચે જઈ અમારા વિકાસના એજન્ડાને સામે રાખ્યો અને વિપક્ષના દરેક જૂઠનો મજબૂતીથી જવાબ આપ્યો. હું દિલથી તેમની પ્રશંસા કરુ છું.

પીએમ મોદીએ કહ્યુ કે બિહારની જનતાએ અલગ-અલગ ક્ષેત્રોમાં વધુ સારૂ કામ કરવાનો ભરોસો આપ્યો છે. તેમણે કહ્યું- આવનાર સમયમાં અમે બિહારના વિકાસ, અહીંના ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને રાજ્યની સંસ્કૃતિને નવી ઓળખ આપવા માટે આગળ વધી કામ કરીશું. અમે તે ખાતરી કરીશું કે યુવા શક્તિ અને નારી શક્તિને સમૃદ્ધ જીવન માટે ભરપૂર તક મળે. પ્રારંભિક વલણો સૂચવે છે કે NDA એ નોંધપાત્ર લીડ સ્થાપિત કરી છે. અત્યાર સુધીમાં, NDA બહુમતી માટે ૧૨૨ બેઠકોનો જાદુઈ આંકડો પાર કરી ચૂક્યું છે. NDA હાલમાં ૨૦૦ થી વધુ બેઠકો પર લીડ મેળવી છે. આ ચૂંટણીમાં ભાજપ અત્યાર સુધીમાં ૯૧ બેઠકો સાથે સૌથી મોટા પક્ષ તરીકે ઉભરી રહ્યો હોય તેવું લાગે છે. JDU ૮૩ બેઠકો, LJP(R) 19, HAM 5 અને RLM 4 બેઠકો જીતવાનો અંદાજ છે. સર્વે એજન્સી એક્સિસ માય ઈન્ડિયાએ એનડીએને ૧૨૧થી ૧૪૧ બેઠકો મળવાની અને મહાગઠબંધનને ૯૮થી ૧૧૮ બેઠકો મળવાના એક્ઝિટ પોલ જાહેર કર્યા હતા. આ ઉપરાંત સર્વે એજન્સી ટુડેઝ ચાણક્યએ એનડીએને ૧૪૮થી ૧૭૨ બેઠકો અને મહાગઠબંધનને ૬૫થી ૮૯ બેઠકો મળવાનો અંદાજ આપ્યો હતો. આ વખતે માત્ર એક સર્વે એજન્સી પોલ ડાયરીનો એક્ઝિટ પોલ સૌથી વધુ સચોટ સાબિત થયો છે. પોલ ડાયરીએ દ્નઙ્ઘછને ૧૮૪-૨૦૯ બેઠકો અને મહાગઠબંધનને ૩૨-૪૯ બેઠકો મળવાની આગાહી કરી હતી. જોકે બંને એજન્સીઓના એક્ઝિટ પોલ ખોટા સાબિત થયા છે. પરિણામોમાં એનડીએ ૧૯૯ બેઠકો પર અને મહાગઠબંધન માત્ર ૪૧ બેઠકો પર આગળ છે.

બિહાર વિધાનસભાની ચૂંટણીમાં NDA ભવ્ય વિજય તરફ આગળ વધી રહ્યું છે. ૨૦૦થી વધુ બેઠકો પર બઢત જાળવી રાખવાને કારણે BJP અને JDU બંનેમાં ઉત્સાહનો માહોલ છે. જોકે, સૌથી મોટો પ્રશ્ન એ છે કે મુખ્યમંત્રીનું પદ કોણ સંભાળશે? આ સવાલનો જવાબ હજુ સ્પષ્ટ થઈ શક્યો નથી. ભ્ત્ઁના મહાસચિવ વિનોદ તાવડેના નિવેદનના કારણે નીતિશ કુમારને ફરી CM બનાવવાની શક્યતા પર સસ્પેન્સ વધી ગયું છે.

વિનોદ તાવડેએ કહ્યું કે, અમે બિહારની ચૂંટણી નીતિશ કુમારના નેતૃત્વમાં લડી છે. પરંતુ CM કોણ હશે તેનો નિર્ણય પાંચેય પક્ષો મળીને નક્કી કરશે. NDAમાં BJP અને JDU ઉપરાંત જીતન રામ માંઝીની પાર્ટી હમ (HAM), ઉપેન્દ્ર કુશવાહાની પાર્ટી આરએમએલ (RML), ચિરાગ પાસવાનની પાર્ટી એલજેપીઆર (LJP-R) સામેલ છે.

### બિહારમાં પ્રચંડ જીત પછી અમિત શાહે આપ્યું નિવેદન

# આ વિકસિત બિહારમાં માનનારાઓનો વિજય છે

## બિહારમાં જીત બાદ ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે આ દરેક બિહારીનો વિજય છે જે વિકસિત બિહાર માં માને છે



નવી દિલ્હી, તા.૧૪

બિહાર ચૂંટણીમાં ભાજપ સૌથી મોટા પક્ષ તરીકે ઉભરી આવ્યો છે, જ્યારે આરજેડીને સૌથી મોટી હારનો સામનો કરવો પડ્યો છે. આરજેડી ૨૫ બેઠકો સુધી મર્યાદિત છે, અને કોંગ્રેસ આઠમા ક્રમે રહેલી પાર્ટી બની ગઈ છે. બિહારમાં એક્સ-ફેક્ટર ગણાતા પ્રશાંત કિશોર પોતાની પાર્ટીનું ખાતું પણ ખોલવામાં નિષ્ફળ રહ્યા. બિહારમાં મોદી લહેર સ્પષ્ટપણે દેખાઈ રહી છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે એનડીએના જંગી વિજય પર પોતાની પહેલી પ્રતિક્રિયા આપી છે. તેમણે કહ્યું, "આ 'વિકસિત બિહાર'માં માનનારાઓનો વિજય છે. આ પ્રદર્શનની રાજનીતિ છે."

શાહે કહ્યું, "જ્ઞાન, પરિશ્રમ અને લોકશાહીના રક્ષકો, બિહારના લોકોને મારા હૃદયપૂર્વક સલામ. બિહારના લોકો દ્વારા NDA ને મળેલો આ પ્રચંડ જનાદેશ NDA ની વિકાસ, મહિલા સુરક્ષા, સુશાસન અને બિહારના ગરીબોના કલ્યાણ પ્રત્યેની પ્રતિબદ્ધતા પર જનતાની મંજૂરીની મહોર છે. છેલ્લા ૧૧ વર્ષોમાં, મોદીએ બિહાર માટે ઉદારતાથી કામ કર્યું છે, અને નીતિશ કુમારે બિહારને જંગલ રાજના અંધકારમાંથી બહાર લાવવા માટે કામ કર્યું છે. આ જનાદેશ વિકસિત બિહારની પ્રતિબદ્ધતા માટે છે."તેમણે વધુમાં કહ્યું, "બિહારના લોકોનો દરેક મત ઘુસણખોરો અને તેમના સહાનુભૂતિ ધરાવતા લોકો સામે મોદી સરકારની નીતિમાં વિશ્વાસનું પ્રતીક છે, જેઓ ભારતની સુરક્ષા અને સંસાધનો સાથે રમત રમે છે. જનતાએ વોટ બેંક માટે ઘુસણખોરોને રક્ષણ આપનારાઓને યોગ્ય જવાબ આપ્યો છે. બિહારના લોકોએ સમગ્ર દેશનો મૂડ પ્રતિબિંબિત કર્યો છેઃ મતદાર યાદી શુદ્ધિકરણ જરૂરી છે, અને તેની સામે રાજકારણ માટે કોઈ સ્થાન નથી. તેથી જ, રાહુલ ગાંધીના નેતૃત્વમાં, કોંગ્રેસ પાર્ટી આજે બિહારમાં છેલ્લા સ્થાને આવી ગઈ છે."ગૃહમંત્રીએ પછી કહ્યું કે આ દરેક બિહારીનો વિજય છે જે "વિકસિત બિહાર" માં માને છે. જે લોકો જંગલ રાજ અને તુષ્ટિકરણની રાજનીતિ કરે છે, ભલે તેઓ ગમે તે વેશમાં આવે, તેમને લૂંટવાનો મોકો મળશે નહીં. જનતા હવે ફક્ત "પ્રદર્શનની રાજનીતિ" ના આધારે પોતાનો જનાદેશ આપે છે. હું નરેન્દ્ર મોદી, નીતિશ કુમાર અને દ્નઙ્ઘછ ના તમામ નેતાઓ અને કાર્યકરોને અભિનંદન આપું છું. હું બૂથ સ્તરથી લઈને રાજ્ય સ્તર સુધીના તમામ ભ્ત્ઁ કાર્યકરોને પણ સલામ કરું છું, જેમણે તેમના અથાક કાર્ય દ્વારા આ પરિણામને વાસ્તવિકતા બનાવી છે.

### છઠ્ઠી વખત બનશે ધારાસભ્ય

# દબદબો યથાવતઃ જેલમાંથી ચૂંટણી જીત્યા બાહુબલી અનંત સિંહ

## વિધાનસભાની ચૂંટણી પહેલાં ઘણી વિવાદોમાં રહેલી મોકામા વિધાનસભા સીટ પરથી બાહુબલી અનંત સિંહની જીત થઈ

પટણા, તા.૧૪

વિધાનસભાની ચૂંટણી પહેલાં ઘણી વિવાદોમાં રહેલી મોકામા વિધાનસભા સીટ પરથી JD(U)ના બાહુબલી અનંત સિંહની જીત થઈ ગઈ છે. તેમણે પોતાના સૌથી નજીકના પ્રતિસ્પર્ધી વીણા દેવીને હરાવ્યા છે. વીણા દેવી પૂર્વ સાંસદ અને બાહુબલી સૂરજભાન સિંહના પત્ની છે. તેમને આરજેડી તરફથી ટિકિટ મળી હતી. આ સીટ પર ૨૫ રાઉન્ડમાં મતગણતરી થઈ હતી. જેમાં અનંત સિંહ ૨૯,૭૧૦ મતોથી જીત્યા છે.

અનંત સિંહ મોકામાથી જીતના મામલે રેકોર્ડ બનાવી રહ્યા છે. તેમણે છઠ્ઠી વખત જીત મેળવી છે. આ વખતે મોકામા વિધાનસભા સીટ ખૂબ ચર્ચામાં રહી હતી, કારણ કે અહીં ત્રિપાંખિયો જંગ ખેલાયો હતો. અનંત સિંહ જે સતત પાંચ વખત ધારાસભ્ય રહી ચૂક્યા છે, તેમની ટક્કર આરજેડીના બાહુબલી સૂરજભાન સિંહની પત્ની વીણા દેવી અને જન સુરાજ પાર્ટીના પીયૂષ પ્રિયદર્શી સાથે હતી.

જેલમાંથી ચૂંટણી જીત્યા અનંત સિંહ - પીયૂષ પ્રિયદર્શી જાતિય સમીકરણમાં ધાનુક જાતિમાંથી આવે છે અને પોતાની જાતિના મતોને એકજૂથ કરવામાં તેમણે એડીચોટીનું જોર લગાવી દીધું હતું. જોકે, ચૂંટણી પ્રચાર દરમિયાન પીયૂષ પ્રિયદર્શી અને અનંત સિંહનો કાફલો સામ-સામે આવતાં વિવાદ સર્જાયો હતો. બંને પક્ષો વચ્ચે મારામારી થઈ હતી, પથ્થરમારો થયો હતો, ગોળીઓ ચાલી હતી, જેમાં જન સુરાજના સમર્થક દુલારચંદ યાદવનું મોત થયું હતું. આ મામલે હ્લૈંઇ બાદ અનંત સિંહને ન્યાયિક હિરાસતમાં જેલમાં મોકલી દેવાયા હતા. હાલ તેઓ જેલમાં જ છે, પરંતુ મોકામાના લોકોએ તેમને આશીર્વાદ આપી દીધા છે.

મોકામા સીટ પર ક્યારે કોણ જીત્યું? - મોકામા વિધાનસભા સીટ ૧૯૯૦થી સતત બાહુબલીઓના કબ્જામાં રહી છે. ૧૯૯૦ અને ૧૯૯૫માં અનંત સિંહના મોટા ભાઈ દિલીપ સિંહ લાલુ પ્રસાદ યાદવ સાથે રહીને જનતા દળમાંથી જીત્યા હતા અને મંત્રી પણ બન્યા હતા. વર્ષ ૨૦૦૦માં સૂરજભાન સિંહે દિલીપ સિંહને હરાવીને જીત મેળવી હતી. પરંતુ ૨૦૦૫માં અનંત સિંહ જેડીયુની ટિકિટ પર લડ્યા અને સૂરજભાન સિંહને હરાવીને પહેલી વખત ધારાસભ્ય બન્યા હતા.

જોકે, ૨૦૦૫માં સરકાર ન બની અને રાષ્ટ્રપતિ શાસન લાગ્યું થયા બાદ એ જ વર્ષે ઓક્ટોબર-નવેમ્બરમાં થયેલી ચૂંટણીમાં અનંત સિંહને બીજી વખત જીત મળી હતી. ૨૦૧૦માં પણ જેડીયુની ટિકિટ પર તેઓ જીત્યા હતા, પરંતુ ૨૦૧૫માં નીતિશ સરકાર તેમની વિરુદ્ધ થઈ ગઈ અને તેઓ અપક્ષ ચૂંટણી લડ્યા અને જીત્યા.

૨૦૨૦માં આરજેડીની ટિકિટ પર ચૂંટણી લડીને અનંત સિંહ પાંચમી વખત ધારાસભ્ય બન્યા. તેમણે જેડીયુના ઉમેદવાર રાજીવ લોચન સિંહને ૩૫,૭૫૭ મતોથી હરાવ્યા હતા. ૨૦૨૦માં અનંત સિંહને ૭૮,૭૨૧ મત મળ્યા હતા, જ્યારે જેડીયુના રાજીવ લોચન સિંહને ૪૨,૯૬૪ મત મળ્યા હતા. ૨૦૨૨માં અનંત સિંહને સજા થતાં તેમની સદસ્યતા ગઈ હતી. ત્યાર બાદ આરજેડીની ટિકિટ પર તેમની પત્ની નીલમ દેવીએ પેટાચૂંટણી લડી અને જીત મેળવી. ૨૦૨૫ના ફ્લોર ટેસ્ટ દરમિયાન નીલમ દેવી દ્નઙ્ઘછ ખેમામાં ચાલ્યા ગયા હતી. આ વખતે જ્યારે કોર્ટે અનંત સિંહને નિર્દોષ જાહેર કર્યા, ત્યારે તેઓ ફરીથી ૨૦૨૫માં જેડીયુની ટિકિટ પર ચૂંટણી મેદાનમાં આવ્યા હતા.

# બિહાર અમારુ, હવે પશ્ચિમ બંગાળનો વારોઃ ગિરિરાજ સિંહ

પટણા, તા.૧૪

બિહાર વિધાનસભા ચૂંટણીના શરૂઆતના વલણો દર્શાવે છે કે ભાજપની આગેવાની હેઠળના રાષ્ટ્રીય લોકશાહી જોડાણ (NDA) સ્પષ્ટ લીડ મેળવી રહ્યું છે. આ દરમિયાન, કેન્દ્રીય મંત્રી અને બિહારના બેગુસરાયના સાંસદ ગિરિરાજ સિંહે જણાવ્યું હતું કે બિહારમાં જીત સંપૂર્ણપણે NDAની છે, અને આગામી જીત પશ્ચિમ બંગાળમાં થશે.

ગિરિરાજ સિંહે કહ્યું, "હવે બંગાળનો વારો છે." ગિરિરાજ સિંહે કહ્યું, "જે લોકો બિહારને સમજે છે તેઓ જાણે છે કે અહીંના લોકો જંગલ રાજ ઈચ્છતા નથી. બિહારના નાગરિકો અરાજકતા અને ભ્રષ્ટ નેતૃત્વને નકારે છે. ભાજપના સમર્પિત કાર્યકર તરીકે, હું સ્પષ્ટપણે કહું છું કે બિહારનો વિજય અમારો છે; હવે બંગાળનો વારો છે."

તેમણે વધુમાં જણાવ્યું હતું કે બંગાળમાં પણ વિજય નિશ્ચિત છે.

તેમણે કહ્યું કે ત્યાંની વર્તમાન સરકાર અરાજકતા અને બાહ્ય પ્રભાવોથી પ્રભાવિત છે, પરંતુ બંગાળના લોકો આખરે સત્યને ઓળખશે.

16-11-2025_43 Jan Fariyad_P-1




સ્ટેચ્યૂ ઓફ યુનિટી ખાતે પ્રથમવાર યોજાયેલા ભારત પર્વ–૨૦૨૫ એ ભારતની સાંસ્કૃતિક વિવિધતાને એક જ આંગણે એકત્ર કરી અદભૂત સંકલન સર્જ્યું છે. દેશના દરેક ખૂણેથી આવેલા કલાકારો, શિલ્પકારો, રસોઇયાઓ અને દર્શકો માટે આ પર્વ એક જીવંત ઉજવણી બની રહ્યો છે.

# શહેરાના બોરીયા ગામેથી રૂ. ૩૨ લાખથી વધુનો લીલા ગાંજો ઝડપાયો

પંચમહાલ, તા.૧૪

પંચમહાલ જિલ્લામાં નશાકારક પદાર્થોના વેપાર અને વાવેતરને નેસ્તનાબુદ કરવા માટે ચલાવવામાં આવી રહેલા ખાસ અભિયાન અંતર્ગત પંચમહાલ-ગોધરા એસ.ઓ.જી. (સ્પેશિયલ ઓપરેશન્સ ગ્રુપ) પોલીસને મોટી સફળતા મળી છે. એસ.ઓ.જી.ની ટીમે શહેરા તાલુકાના બોરીયા ગામે દરોડો પાડી રહેણાંક મકાનની પાછળ ઉગાડેલા ૮૨ લીલા ગાંજાના છોડનો જથ્થો પકડી પાડ્યો છે.પંચમહાલ-ગોધરા એસ.ઓ.જી.એ બાતમીના આધારે બે સરકારી પંચોને સાથે રાખી શહેરા તાલુકાના બોરીયા ગામના ડોડીયાર ફળીયામાં રહેતા શંકરભાઈ નારૂભાઈ ડોડીયારના ઘરે દરોડો પાડ્યો હતો. પોલીસે આરોપી શંકરભાઈને સાથે રાખી તેના કબ્જા ભોગવટાની જમીનમાં તપાસ કરતા ગેરકાયદેસર રીતે વાવેલા લીલા ગાંજાના છોડ નંગ-૮૨ મળી આવ્યા હતા.સ્થળ પર મળી આવેલા છોડ ગાંજાના જ હોવાની પુષ્ટિ કરવા માટે એફ.એસ.એલ. **(FSL)** અધિકારીને બોલાવવામાં આવ્યા હતા. **FSL** દ્વારા પરીક્ષણ કરાતા આ છોડ લીલો ગાંજો જ હોવાનું સાબિત થયું હતું. ત્યારબાદ તમામ ૮૨ છોડનું વજન કરાવતા કુલ ૬૪.૬૫૦ કિલોગ્રામ વજન થયું હતું, જેની બજાર કિંમત રૂ. ૩૨,૩૨,૫૦૦ આંકવામાં આવી છે. પોલીસે સમગ્ર મુદ્દામાલ કબ્જે કરી આરોપી શંકરભાઈ નારૂભાઈ ડોડીયાર વિરુદ્ધ શહેરા પોલીસ સ્ટેશન ખાતે **NDP** એક્ટ મુજબ કાયદેસરનો ગુન્હો નોંધ્યો છે.

# અંકલેશ્વરમાં કોમ્પ્યુટર કલાસીસની આડમાં ડુપ્લીકેટ માર્કશીટ બનાવવાનું કાંડ ઝડપાયું

અંકલેશ્વર, તા.૧૪

અંકલેશ્વરની રોયલ એકેડમી કોમ્પ્યુટર કલાસીસ ની આડ માં ચાલતું ડુપ્લીકેટ માર્કશીટ કાંડ સામે આવ્યું છે. જેમાં મુખ્ય સૂત્રધાર એવા દિલ્હીનો ભેજાબાજ વૉન્ટેડ જાહેર કરાયો છે. ધોરણ ૧૦ અને ૧૨ અને આઈ.ટી.આઈ ની નકલી માર્કશીટ માત્રે ૧૦ થી ૧૫ હજાર માં બનતી હતી. દિલ્હીના ઠગ દિલ્હીથી માર્કશીટ બનાવી કુરિયર કરતા હતો.પોલીસે ડુપ્લીકેટ માર્કશીટ સહીત કોમ્પ્યુટર મળી ૪૫ હજારના મુદ્દામાલ સાથે એક આરોપીની ધરપકડ કરી હતી.અંકલેશ્વરમાં કાપોદ્રા પાટિયા પર આવેલ હેપ્પી કોમ્પ્લેક્ષમાં રોયલ એકેડમી કોમ્પ્યુટર કલાસીસ ની આડમાં ધોરણ ૧૦, ૧૨ અને આઈ.ટી.આઈ. ની ડુપ્લીકેટ માર્કશીટ, સર્ટીફીકેટ બનાવી અપાતી હોવાની ભરૂચ એસ.ઓ.જીને માહિતી મળતા જયેશ પ્રજાપતિના કલાસમાં દરોડો પાડ્યો હતો. કલાસિસમાંથી દિલ્હી બોર્ડ, ગાંધીનગર મહાત્મા ગાંધી વોકેશનલ ઈન્સ્ટિટ્યૂટ, વોકેશનલ ટ્રેનિંગ, સેકેન્ડરી સ્કૂલ એક્ઝામિનેશન સર્ટિફિકેટ, પ્રોવિઝનલ નેશનલ ટ્રેડ સર્ટિફિકેટ, સાયન્સ, આઈ.ટી.આઈ ની વિવિધ માર્કશીટ અને સર્ટિફિકેટ મળી આવ્યા હતા. આરોપી બોગસ સર્ટી બનાવવાના ૧૫ હજાર રૂપિયા લેતો. જે દિલ્હીના કોઈ ભેજાબાજ મુખ્ય સૂત્રધાર બનાવી તેને ઓનલાઈન □ ૭૫૦૦ પેમેન્ટ કરતા હતો. આરોપીની દેશવ્યાપી બોગસ માર્કશીટ કૌભાંડમાં ધરપકડ કરી ૨૧ ડુપ્લિકેટ માર્કશીટ, કોમ્પ્યુટર, કલર પ્રિન્ટર, મોબાઈલ સાથે ધરપકડ કરાઈ હતી.જયેશ પ્રજાપતિ નકલી માર્કશીટ બનાવી આપવાના ૧૫ હજાર રૂપિયાનો ચાર્જ કરતા હતો. ૭૫૦૦ રૂપિયા દિલ્હીના ઈસમને મોકલી આપતા હતો, જે પેમેન્ટ મળ્યા બાદ જે તે માર્કશીટ બનાવી કુરિયર કરી આપતો હતો અને માત્ર એક અઠવાડિયામાં ડુપ્લીકેટ

# ૮- કેચિકેન- અલાસ્કા



૨૩ જુલાઈએ અમે પહોંચ્યાં કેચિકેન.

દરેક વખતની જેમ ક્રૂઝ પરથી ઉતરીને કેચિકેન ફરવા માટે બસ જ લેવાની હતી. આગળ કહ્યું એમ અહીં બસચાલક ગાઇડની જેમ માહિતી પૂરી પાડે. કેચિકેન પણ અમને સેમ નામે જે બસચાલક મળ્યા એમણે કેચિકેનની પ્રાથમિક ઓળખ આપીને બસ ઉપાડી ત્યાંથી ટુર પૂરી થઈ ત્યાં સુધી સતત માહિતી આપે રાખી.

એમનાં કહેવા પ્રમાણે ખાવા, હાઈકિંગ-ટ્રેકિંગ, શોપિંગનાં શોખીનો તો અહીં આવે જ છે સાથે અહીં આવનાર માટે પ્રવાસીઓ માટે ટોન્ગાસ હિસ્ટોરિકલ મ્યુઝિયમ અને ટોટેમ હેરિટેજ સેન્ટર પણ મુખ્ય આકર્ષણ છે.

અમે બસમાં ચઢ્યાં તે પહેલાં ડાઉનટાઉનની દુકાનોમાંથી થોડી ઘણી ખરીદી કરી જ લીધી હતી. શું છે કે, અલાસ્કા ટ્રિપની સ્મૃતિ અમારાં મનમાં તો રહેવાની જ હતી, પણ પરિવાર માટે ટોકન સમા સરસ મઝાનાં લખાણ સાથે ટી-શર્ટ કે હૂડી મળતાં હોય તો એ લીધાં વગર ક્યાં રહેવાય !

કેચિકેન તરફ આગળ વધતા રસ્તામાં સૌની વ્હેલ જોવાની ઘેલછાની ખબર જ હોય એમ ક્યાંક દૂરથી વ્હેલ દેખાય તો સેમભાઈ બસ ઊભી રાખે.

'આ ઓર્કા, પેલી હમ્પબેક, ઓલી ગ્રે વ્હેલ, પેલી બ્લૂ વ્હેલ' કહીને ઓળખાણ કરવતા જાય.

દૂરથી સીલ, 'બાલ્ડ ઈગલ' (ગરુડ) જોવા મળે તો તો બસ ઊભી રહી જ સમજો.

અહીંની કહેવાતી 'બેર સેન્ચ્યૂરી' પાસે જઈને સેમભાઈએ બસ ઊભી રાખી. દૂર પૂલ નીચે અચાનક ગાઢી વનરાજીમાં ફરતું ચરતું બેર દેખાય એ આશાએ ઘણીવાર ઊભાં રહ્યાં, પણ વ્યર્થ રહ્યું.

આ કંઈ પ્રાણીબાગમાં પૂરેલાં પ્રાણીઓ નથી, એ તો મનમરજીના માલિક. આપણે જોવા ઈચ્છીએ ત્યારે ન દેખા દે અને આપણે ધાર્યું પણ ન હોય અને યુકોનમાં દેખા દીધી એમ દેખા દઈ દે.

ટોન્ગાસ હાઈવે પર વસેલ કેચિકેન શહેરનું નામ કેચિકેન ક્રીક પરથી પડ્યું.

આશરે ૧૩,૯૪૮ જેટલી વસ્તી ધરાવતું કેચિકેન પ્રાકૃતિક સૌંદર્ય અને સાંસ્કૃતિક સમન્વય ધરાવતું શહેર છે. કેચિકેનમાં ફરતાં ફરતાં એક વાત ધ્યાનમાં આવી કે, જેમ આપણે ત્યાં ઠેર ઠેર એકાદ નાનકડી દેરી હોય એમ અહીં ઠેર ઠેર ટોટેમ જોવા મળે. આ ટોટેમ એમની સંસ્કૃતિનાં પ્રતીક છે. પ્રત્યેક ટોટેમની સાથે એ પરિવારનાં પૂર્વજ, કુળ, સંપ્રદાય, પરંપરાગત ઈતિહાસની વાર્તા કે દંતકથા સંકળાયેલી હોય. લાકડાંને કોરી, અજબગજબનાં રંગરોગાન કરીને જે મહોરાં તૈયાર થાય એમાં દાનવ, પશુ, પંખી વગેરેનો આભાસ થાય.

આ બધું જોતાં જોતાં આગળ વધ્યા ત્યાં સેમભાઈએ કેચિકેનમાં સૌ પ્રથમ પીવીસી **(PVC)** પાઈપની શરૂઆત રનાર, પીવીસી **(PVC)** પાઇપ થકી કેચિકેનને પીવાનાં પાણીનો પુરવઠો પૂરો પાડનાર વ્યક્તિનાં ઘર પાસે બસ ઊભી રાખી. કેચિકેનનો વિકાસ અને સમૃદ્ધિના આધારરૂપ આ પ્રોજેક્ટમાં વિવિધ વ્યક્તિઓનું યોગદાન છે.

રસ્તામાં આવતા ટોટેમ ઓછા હોય એમ અમારી સવારી પહોંચી 'ટોટેમ હેરિટેજ સેન્ટર'. કેચિકેનનાં સૌથી વધુ ટોટેમ આ પાર્કમાં જોવા મળે. એથી વધુ ટોટેમ જોવા હોય તો બીજા 'ટોટેમ બાઈટ સ્ટેટ પાર્ક' જવું પડે, પણ અત્યાર સુધી જેટલાં ટોટેમ જોવા મળ્યાં એનાથી અમને સંતોષ હતો ને વળી સમયમર્યાદા પણ સાચવવી પડે એમ હતી એટલે 'ટોટેમ હેરિટેજ સેન્ટર' પછી 'ટોટેમ બાઈટ સ્ટેટ પાર્ક' જવાનો લોભ જતો કર્યો.

હવે 'ટોટેમ હેરિટેજ સેન્ટર'ની એક ખૂબી વિશે વાત..

અહીં આઠ વર્ષનાં બાળકોથી માંડીને અઢાર વર્ષને વયે પહોંચેલા યુવાન-યુવતીઓએ બનાવેલો પાર્ક છે.

આમ તો આઠ વર્ષનાં બાળકો પાસે કામ લેવું એટલે બાળમજૂરીના ધારા હેઠળ ગુનો કહેવાય, પણ આ કામમાં એમનું કૌશલ્ય દર્શાવવાની તક હતી એટલે સંપૂર્ણ કામ એમનાં વાલીની દેખરેખ હેઠળ સંપન્ન થયું. કેવી સરસ વાત !

આ તો બધી થઈ લોકો થકી તૈયાર થયેલ કાર્યની. હવે આવે છે કુદરતની કમાલ જેવી નારંગી કે ગુલાબી રંગની, રૂપેરી ભીંગડાંવાળી સામન (સૅમન) માછલી અને એનાં જીવનચક્રની વાત.

'ટોટેમ હેરિટેજ સેન્ટર'માં આગળ વધ્યા ત્યાં એક સાવ નાકડો પુલ આવ્યો. પુલ પાસે આવીને સેમભાઈએ અમને સૌને અટકીને નીચે વહેતાં છીછરાં પાણીના નાનકડા વોંકળામાં તરતી માછલીઓને ધ્યાનપૂર્વક જોવા કહ્યું.

પહેલાં થયું કે અત્યાર સુધીમાં આટાઅટલી ઓર્કા, હમ્પબેક, ગ્રે વ્હેલ, બ્લૂ વ્હેલ' બતાવી હવે અહીં આટલા સાંકડા વહેણમાં તે વળી શું નવતર જોણું હશે ! અહીં તો દેખા દઈને ગરક થઈ જાય એટલું ઊંડું પાણી પણ નથી તો ધ્યાનપૂર્વક જોવાનો આગ્રહ કેમ?

છતાં સેમભાઈના કહેવા મુજબ કુતૂહલવશ અમે નીચે ડોકિયું કર્યું. માત્ર ડોકિયું કરવાથી વાત પતે એમ નહોતી. એના માટે તો સેમભાઈની વાત સાંભળવી પડે એમ હતી. એમણે આ નાનકડા પુલની નીચે આમતેમ તરતી સૅમન( સામન-સૅલ્મન) માછલીઓ વિશે જે વાત કરી એ અમારા માટે નવી હતી. વાત સાંભળ્યા પછી એ માછલીઓને ધ્યાનપૂર્વક જોઈ.

એ રસપ્રદ વાત આવતા અંકે.

આલેખનઃ રાજુલ કૌશિક
**Rajul Kaushik**
રાજુલનું મનોજગત



# જલીય તથા વક્રીય ગ્રહોથી વિશ્વ ઉપર કુદરતી આપત્તિ

Yogi Astrology ના અંક ૧૫૮માં આપ સૌનું સ્વાગત છે. હાલ આપણે મોદી તથા ટ્રંપ ઉપર વાત કરી છે. આથી આવનાર સમય બંને નેતા માટે કઠીન રહેશે. હાલ મંગળ વૃશ્ચિક રાશીમાં, શની નેપ્ચ્યુનની યુતી, ગ્રહો જલીય રાશીમાં, ગુરુ અતિચારી હવે ત્રણ ગ્રહો વક્રી થઈ રહ્યા છે. આથી દુનિયામાં ઘણા એવી વસ્તુ થઈ રહી છે કે જે વિચારની બહાર છે. હાલ ફિલિપાઈન્સમાં ટાઈફૂનથી ભારે નુકસાન થયું છે. તે પહેલા Jamaicaમાં ભારે નુકસાન, ઈન્ડોનેશિયામાં લાવા તથા ટાઈફૂન, ભારતમાં બેય ઓફ બંગાલમાં, અફઘાનિસ્તાનમાં ભૂકંપ, તુર્કીમાં ભૂકંપ તથા હાલ ભીષણ આગ લાગી હતી. હાલ હવાઈમાં લાવા વિસ્ફોટ, વૈજ્ઞાનિકે કહ્યું કે ૧૧ Nov ની આસપાસ આ લાવા ભયંકર રૂપ લેશે. સાર્બીલ (યુરોપ)માં ભારે વિદ્રોહ, રશિયા તથા યુક્રેન વચ્ચે ભયંકર બોમની વર્ષા થઈ રહી છે. ઈન્ડોનેશિયામાં મસ્જીદમાં વિસ્ફોટ એવી અનેક ઘટના થઈ રહી છે. જે પણ ૨૭ ઓક્ટોબર પછી જે મારા અંકમાં લખ્યું હતું કે ૨૭ ઓક્ટોબર થી ૪ ડિસેમ્બર વચ્ચે ન જોયું હોય તે પણ જોશો.

હવે પછી ત્રણ ગ્રહો વક્રી થઈ રહ્યા છે. બુધ વક્રી થશે ૯ નવેમ્બરથી, ૧૧ નવેમ્બરથી ગુરુ વક્રી થઈ રહ્યો છે. હાલ શની વક્રી છે. આમ ગોચરમાં ત્રણ ગ્રહો વક્રી થઈ રહ્યા છે. આ ઉપરાંત ગુરુ, શની, મંગળ, બુધ, ગ્રહો જલીય રાશીમાં ગુરુ અતિચારી આથી હજુ વિશ્વ ઉપર જલીય સંકેત બતાવે છે. વિશ્વમાં હજુ પણ સાયક્લોન, અતિશય વરસાદ જેવી ઘટના જોવા મળશે. પાણીમાં જરૂરથી હવે તમને સુનામી ઘટના જોવા મળશે.

જલીય રાશીમાં ગુરુ (કર્કમાં), શની (મીનમાં), મંગળ (વૃશ્ચિકમાં) તેમાં બે ગ્રહો વક્રી છે. ગુરુ અતિચારી છે. વાયુ રાશીમાં સૂર્ય-રાહુ છે. ૨૩ નવેમ્બરથી રાહુ શતભિષા નક્ષત્રમાં આવશે. શતભિષા નક્ષત્ર એ સમુદ્ર, મોટા લેક, ઓશિઅન બતાવે છે. શતભિષા નક્ષત્રનો સ્વામી વરુણ છે. વરુણને જળના સ્વામી કહેવામાં આવે છે. આ સમય દરમ્યાન સૂર્ય દેવ વૃશ્ચિક રાશીમાં એક જલીય રાશીમાં આવશે. હાલ નવમાંશ કુંડલીમાં ગુરુ, શની જલીય રાશી કર્કમાં છે. થોડા દિવસ પછી બુધ પણ કર્ક રાશીમાં આવશે. જ્યોતિષ શીખનાર માટે ખાસ પોઈન્ટ છે. નવમાંશમાં ત્રણેય ગ્રહો જલીય રાશીમાં અને આ ત્રણ ગ્રહો વક્રી તો પછી પૂછવું શું? ૨૭ ઓક્ટોબરથી આ ગ્રહો ધીમે-ધીમે આગળ વધે છે તે પહેલા Jamaica, Philippinesમાં તબાહી જોઈ છે. ૧૧ નવેમ્બર થી ૪ ડિસેમ્બરનો સમય ઘણો ગંભીર રહેશે. તમે જરૂરથી પ્રકૃતિને નારાજ થતાં જોશો મને જરૂરથી મેસેજ કરશો. આ સમય દરમ્યાન સાયક્લોન, હેરીકોન, ટાયફૂન, સુનામી, પાણીમાં ધરતીકંપ, પાણીમાં લાવા જેવી ઘટના જોવા મળશે. ૧૧ નવેમ્બરના રોજ વૈજ્ઞાનિકે કહ્યું છે કે હવાઈમાં જ્વાલામુખી વધુ સક્રિય થશે. આ દિવસે ગ્રહો પણ તેમના પ્રભાવ આપવાનું શરૂ કરશે.

રાહુ શતભિષા નક્ષત્ર હશે ત્યારે શનીદેવ પૂર્વાભાદ્રપદા નક્ષત્રમાં રહેશે. આથી આવનાર સમય નોર્થ, નોર્થઈસ્ટ એક્ટિવ થશે જેમાં રશિયા, નોર્વે, આર્કટીક ઓશન, યુરોપના મોટાભાગના દેશો, ભારતનો નોર્થ ભાગ. આ રીતે નોર્થ, ઈસ્ટ, વેસ્ટમાં તમે આવી ઘટના જોવા મળશે. ભારતમાં કેરલા, ઓડીસા, આંધપ્રદેશ, તમીલનાડુ, બંગાળ, કર્ણાટક, મહારાષ્ટ્ર, ગુજરાતના અમુક ભાગમાં પાણીની ઘટનાઓ જોવા મળશે. કેતુ પણ પૂર્વા ફાલ્ગુનીમાં એક્ટિવ છે. આથી ૨૧ નવેમ્બર પછીનો સમય પાણીથી થતી ઘટનાક્રમ વધારે એટલે ઉગ્ર ઘટના બનશે. જ્યારથી શની-નેપ્ચ્યુન મીન રાશીમાં છે, ત્યારથી પાણીની ઘટનાઓ ઘણી જોઈ છે. ૨૯ માર્ચમાં દિવસે શની મીન રાશીમાં આવ્યો હતો. ત્યારથી શની-નેપ્ચ્યુન યુતી થઈ હતી, તેમાં શની-નેપ્ચ્યુન ડિગ્રી સરખી ત્રીજીવાર થશે. આઠ મહિનામાં શની માર્ગી-વક્રી-માર્ગી રહે તે ઘટનાથી શની-નેપ્ચ્યુન એક બીજાની સાથે રહ્યા છે. આથી વિશ્વમાં દરેક જગ્યા ઉપર સાવધાની રાખવી પડશે. જેમાં Costal Areas વિશે ખાસ ધ્યાન રાખવું પડશે. સાયક્લોન, હેરીકોન ગમે ત્યારે વરસાદ સ્નો પડવો (વધારે પડશે.)

૧૧ નવેમ્બર થી ૨૮ નવેમ્બર સુધી યુનિવર્સમાં ત્રણ ગ્રહો વક્રી થવાથી વિશેષ પ્રભાવ વિશ્વ ઉપર પડશે. જેમાં ગુરુ કર્ક રાશીમાં, શની મીન રાશીમાં, બુધ વૃશ્ચિક રાશીમાં વક્રી થાય છે. આથી ઈન્ટરનેશનલ ટ્રેડિંગમાં મોટો કરેક્શન થશે. આનું કારણ આ ત્રણેય ગ્રહો વક્રી ઉપરાંત જલીય રાશીમાં છે. આથી વિશ્વની દરેક બંદર એક્ટિવ થશે. આ સમય દરમ્યાન નવા યુદ્ધના મોરચા, રશિયા, યુક્રેનનું યુદ્ધ ઉગ્ર, આતંકવાદી ઘટના, કુદરતી આપત્તિ જેવી ઘટના બનશે. આ ઉપરાંત સાયક્લોન, હેરીકોન, જેવી ઘટનાથી દરિયાઈ ટ્રેડીંગના વેપારમાં રુકાવટ થશે. આ ઉપરાંત વિશ્વમાં ઘણી જગ્યા ઉપર ઈન્ટરનેટમાં પ્રોબ્લેમ થતો જોવા મળશે. આથી આની અસર બેંકિંગ સેક્ટર, ટ્રાવેલિંગ સંસ્થા ઉપર પડશે. સાયબર એટેકથી ઈન્ટરનેટ બંધ કરવું પડે અથવા વિદ્રોહ જેવી ઘટના થતાં નેટ બંધ કરવું પડે તેવી ઘટના બની શખે. આ સમય દરમ્યાન બેંકિંગ સેક્ટરમાં મોટા કૌભાંડ બહાર પડશે આ ઉપરાંત નાની બેંક દેવામાં જતી જોવા મળશે. આ સમય દરમ્યાન સ્ટૉક માર્કેટ ઉપર તેની અસર પડશે. સમજી વિચારને રોકાણ કરવું. શની ગુરુ વક્રી હોવાથી ધાર્મિક ઘટના બનતા બે જૂથ વચ્ચે તણાવ જેવી સ્થિતી જોવા મળશે. જેમાં લોકો એકબીજા વચ્ચે જાન-માલનું નુકસાન થશે. આથી આ સમય દરમ્યાન ખોટી અફવા, મીડિયા, યુટ્યુબથી દૂર રહેવું સારું રહેશે. અમેરિકામાં શ્વેત-બ્લેક વચ્ચે સંઘર્ષ થશે. આ સમય દરમ્યાન તમારું સોશ્યલ એકાઉન્ટ હેક અથવા શટડાઉન થતું જોવા મળશે. ૨૩ નવેમ્બરના રોજ બુધ તુલા રાશીમાં જશે. ૧૯ નવેમ્બર થી ૨૨ નવેમ્બર દરમ્યાન આ ગ્રહો સક્રિય થશે આથી વિશ્વમાં ઘણી જગ્યા ઉપર ધરતીકંપ થતો જોવા મળશે જેમાં ખાસ પાણી ઉપર આવેલા ટાપુ એ ખાસ સંભાળવું પડશે. મોટા જહાજમાંથી પાણીમાં ઓઈલ લીંક થવું જેવી ઘટના, મોટા જહાજ ડૂબી જવા અથવા જહાજ ઉપર હુમલો કરીને કબજામાં લેતા જોવા મળશે. (જેમાં ખાસ હુતી વિદ્રોહ સક્રિય બનશે)

ચીનમાં ડેમમાં કોઈ ટેકનિકલ પ્રોબ્લેમ થતો જોવા મળશે. આ સમય કુદરત ગ્રીન મેઈડ અને કુદરતી ઘટના થતો જોવા મળશે.

આ સમય દરમ્યાન અમેરિકા, ઓસ્ટ્રેલિયા, યુરોપ, કેનેડા જેવા દેશમાં કોઈ મોટી ઘટના થતી જોવા મળશે. ખાસ તેમાં વિદ્રોહ જેવી ઘટના, જલીય ઘટના, ધરતીકંપ ઘટના, બેંકો ઉપર અસર, મંદીનું વાતાવરણ ઊભુ થશે. આ વર્ષમાં ઠંડીનું પ્રમાણ વધશે. અચાનક ઠંડી પડશે. અમેરિકા તથા કેનેડામાં સ્નોનું પ્રમાણ વધશે. જે ઘણાં વર્ષનો રેકોર્ડ તોડશે.

Yogi Astrologyની મુલાકાત લઈ તમારા જીવનની સમસ્યા જરૂર હલ કરશો. મારો ફોન નંબર કેનેડાનો +૧ ૬૪૭-૨૮૬-૩૭૩૪ છે. અથવા yogiastro@yahoo.com અથવા www.yogiastrology.ca ઉપર જરૂરથી મારી મુલાકાત લેશો. તમારા જન્માક્ષર જોઈને યોગ્ય સલાહ આપીને મુસીબત યોગ્ય નિવારણ કરીશું. ગ્રહની પૂજા, પિતૃપૂજા તથા અન્ય દેવી પૂજા આ ઉપરાંત હવન-પૂજાથી તમારી નેગેટીવ વસ્તુને દૂર કરીને તમને સફળતા મળશે.

Yogi Astrology
Yogesh Gandhi (M.Sc., B.Ed.)
77 Mission Ridge, TR,
Brampton, Canada.
+1-647-286-3734




Editor,owner,printer & publisher: Pradip Raval printed at sarvoday offset,13.gajanan estate idgah choky,Ahmedabad & published from 2567,gozaria's pole.Halim's khadki,shahpur.Ahmedabad -380001

તંત્રી ,માલિક, મુદ્રક અને પ્રકાશક : પ્રદીપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ.૧૩.ગજાનન એસ્ટેટ.ઇદગાહ ચોકી પાસે.અમદાવાદ.ખાતે છપાવીને ઘર.નં:૨૫૬૭,ગોઝારીયા પોળ,હલીમની ખડકી.શાહપુર.અમદાવાદ-૩૮૦૦૦૧ ખાતેથી.પ્રસિદ્ધ કર્યું

16-11-2025_43 Jan Fariyad_P-2